ક્રમાંક/FRC/૨૦૨૫/૨૧૭૭-૭૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અનાવિલ ભવનની સામે, કારેલીબાગ, વડોદરા
તા. ૨૫/૩/૨૦૨૫

# ફી નિયમન સમિતિ, વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી, અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.
Ph:-0265-2488487 Email Add:- frcvadodara@gmail.com

---

યુડાયસ નં:- ૨૪૧૯૧૧૦૧૩૨૧ વડોદરા એફીડેવિટ FRC નં:-૧૩૫/૨૦૨૫-૨૬

Email ID:- principal.vwiavadodara@gmail.com તા:-૧૯/03/૨૦૨૫

મોબાઇલ નં:- ૭૫૭૫૮૦૧૯૪૫

શાળાનું નામ:- વાયબ્રન્ટ વેવ્સ ઇન્ટરનેશનલ એકેડમી (GSHSEB), લોહાણા કન્યા છાત્રાલય પાછળ, બાજવા રીફાઇનરી રોડ, જી.વડોદરા-૩૯૧૩૧૦ નાએ રજુ કરેલ સોગંદનામાં ઉપર હુકમ.

(૧) શ્રી એમ.એસ.સિંધી ,નિવૃત્ત પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ જજ — અધ્યક્ષ
(૨) શ્રી ધર્મેન્દ્રસિંહ નારસિંહ રાજપૂત, શાળા સંચાલક મંડળના પ્રતિનિધિ — સભ્ય
(3) શ્રી જયેશકુમાર બંસીભાઇ પટેલ,શિક્ષણ શાસ્ત્રી — સભ્ય
(૪) પ્રો.ડૉ. ઇન્દ્રજીત પટેલ, સિવિલ એન્જીનિયર — સભ્ય
(૫) શ્રી. સી. એ. કૃણાલ બ્રહ્મભટ્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ — સભ્ય

## -::હુકમ::-

(૧) ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ :૨૦૧૭ તથા ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ અન્વયે તા:-૨૫/૦૪/૨૦૧૭ના રોજ અમલી બનેલ છે.જે અન્વયે વડોદરા વિભાગ માટેની સરકારશ્રી દ્વારા ફી નિયમન સમિતિની રચના કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના જાહેરનામાં ક્રમાંક: જી.એચ/એસએચ/૨૦/ બીએમએસ/૧૧૧૭/૮૩/છ અને જીએચ/એસએચ/૦૬/બીએમએસ/૧૧૧૮/૮૩/છ અન્વયે નીચે મુજબની ફી નિર્ધારીત કરવામાં આવે છે.

(૧) પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓ — રૂ.૧૫,૦૦૦/-
(૨) માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ(સામાન્ય પ્રવાહ) — રૂ.૨૫,૦૦૦/-
(3) ઉચ્ચતર માધ્યમિક શાળાઓ(વિજ્ઞાન પ્રવાહ) — રૂ.30,000/-

ફી ઠરાવેલ છે અને તે મુજબ જે શાળા જાહેરનામામાં ઠરાવેલી ફી કરતાં ઓછી ફી વસુલ કરતી હોય તેવી સ્વ-નિર્ભર શાળાઓને ફી-નિર્ધારણમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

ફી નિયમન સમિતિ, વડોદરા ઝોન, વડોદરા

(3) અરજદાર શાળા દ્વારા સને ૨૦૨૨-૨૩ થી સને ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે નીચે મુજબની ફી, ફી નિયમન સમિતિ, વડોદરા દ્વારા મંજૂર કરવામાં આવેલ હતી. જેની વિગત નીચે મુજબ છે:-

| અ. નં. | ધોરણ | માધ્યમ | | ફી નિયમન સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ ફી ની વિગત. | | |
|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | અંગ્રેજી | સને ૨૦૨૨-૨૩ | સને ૨૦૨૩-૨૪ | સને ૨૦૨૪-૨૫ |
| (૧) | (૨) | (3) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧. | ૧૨ જનરલ | - | અંગ્રેજી | રૂા.૨૫૦૦૦/- | - | - |

| અ. નં. | ધોરણ | માધ્યમ | | ફી નિયમન સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ ફી ની વિગત. | | |
|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | અંગ્રેજી | સને ૨૦૨૨-૨૩ | સને ૨૦૨૩-૨૪ | સને ૨૦૨૪-૨૫ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૨. | ૧૧ થી ૧૨ સાયન્સ | - | અંગ્રેજી | રૂા.૪૫૦૦૦/- | રૂા.૪૮૧૫૦/- | રૂા.૫૧૫૨૦.૫/- |

(૪) અત્રેની ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ અરજદાર શાળાએ તેમના અધિકૃત પ્રતિનિધિનું તા:-૧૧/૧૨/૨૦૨૪ના રોજ વર્ષ ૨૦૨૫-૨૬ માટે ફોર્મ-૪ સોગંદનામું રજૂ કરેલ છે. ગુજરાત સરકારના જાહેરનામા મુજબ (૧) પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓ માટે રૂા.૧૫,૦૦૦/- (૨) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ) માટે રૂા.૨૫,૦૦૦/- અને (૩) ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ) માટે રૂા.૩૦,૦૦૦/- વાર્ષિક ફી કરતાં ઓછી ફી લેતા હોવાથી દરખાસ્ત (ફોર્મ-૨) રજૂ કરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. અરજદાર શાળાએ સને: ૨૦૨૫-૨૬ ના વર્ષ માટે જાહેરનામા કરતાં ઓછી ફી ની માંગણી કરેલી હોઇ અને તે ફી વ્યાજબી અને ન્યાયી હોઇ ફી નિયમન સમિતિ, વડોદરા દ્વારા મંજૂર કરવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે :-

| અ. નં. | ધોરણ | માધ્યમ | | સને: ૨૦૨૫-૨૬ માં શાળા દ્વારા માંગવામાં આવેલ ફી | ફી નિયમન સમિતિ દ્વારા સને: ૨૦૨૫-૨૬ માં મંજૂર કરેલી ફી |
|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | અંગ્રેજી | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧. | ૧૧ થી ૧૨ જનરલ | - | અંગ્રેજી | રૂા.૨૫૦૦૦/- | રૂા.૨૫૦૦૦/- |
| ૨. | ૧૧ થી ૧૨ સાયન્સ | - | અંગ્રેજી | રૂા.૩૦૦૦૦/- | રૂા.૩૦૦૦૦/- |

**શરતો** :-

૧) શાળા દ્વારા વાર્ષિક કુલ ફી ની રકમ પૈકી વધુમાં વધુ માસિક/ત્રિમાસિક ધોરણે ફી વસુલ કરી શકાશે. એક જ સમયે માસિક/ત્રિમાસિક ફી કરતાં વધુ લેવામાં આવેલી ફી અંગે ફી નિયમન અધિનિયમ અને નિયમો ની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨) વિદ્યાર્થી/વાલીઓએ આવી ફી શાળા દ્વારા નક્કી કરેલ બેન્ક ખાતામાં ઠરાવેલી ફી ની સીધી જ ચુકવણી કરવી અને તેની પાવતી/અડધીયું શાળામાં રજૂ કરવી.

૩) ફી નિયમન સમિતિ એ નક્કી કર્યા કરતાં વધુ ફી જો શાળા દ્વારા લેવામાં આવી હશે તો વિદ્યાર્થી/વાલીને આ હુકમ થવાના દિન-૩૦ માં સરભર/પરત કરવાની રહેશે.

૪) અરજદાર શાળા વિદ્યાર્થી/વાલી પાસેથી ફી ભરવામાં થયેલા વ્યાજબી વિલંબ માટે દંડની રકમ વસુલ કરી શકશે નહીં.

૫) અરજદાર શાળા વિદ્યાર્થી/વાલી પાસેથી વૈકલ્પિક પ્રવૃત્તિની ફી વિદ્યાર્થી/વાલીની સંમતિથી અલગ લઇ શકશે.

૬) ફી નિયમન સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ ફી, ફી નિયમન અધિનિયમ: ૨૦૧૭ ની કલમ-૨(જી) મુજબની નક્કી કરેલ છે.

૭) અરજદાર શાળા એ આગામી વર્ષ માટેની નવી દરખાસ્ત(ફોર્મ-૨) અથવા સોગંદનામું(ફોર્મ-૪) ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફીનિયમન) અધિનિયમ-૨૦૧૭ તેમજ તે માટેના નિયમોની જોગવાઇઓ મુજબ ૩૧મી ઓક્ટોબરપહેલાં રજૂ કરવાના રહેશે.

૮) અરજદાર શાળા એ નવી દરખાસ્ત ફોર્મ-૨/ સોગંદનામું ફોર્મ-૪ ના કામે પાછલા વર્ષના કરેલા

આખરી હુકમની નકલ રજૂ કરવાની રહેશે.

૯) શાળા સરકારશ્રી ના પ્રવર્તમાન ઠરાવો, પરિપત્રો અને સૂચનાઓનું તથા ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફી નિયમન) એકટ અને રૂલ્સ-૨૦૧૭ની તમામ જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦) ફી નિયમન સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફીની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી એમ બંન્ને ભાષામાં નોટીસ બોર્ડ તથા શાળાની વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

આ હુકમની જાણ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી /ફી નિયમન સમિતિના કો-ઓર્ડીનેટર(સંયોજક)શ્રીને કરવાની રહેશે અને તેઓએ જે-તે શાખાને તાત્કાલિક જાણ કરવી.

તારીખ:- ૧૯ માહે માર્ચ સને: ૨૦૨૫

સ્થળ:- વડોદરા

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ, વડોદરા ના તા:-૧૯/03/૨૦૨૫ના આદેશાનુસાર

(એમ.આર.પાંડે)
ચીફ કો-ઓર્ડીનેટર
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ, વડોદરા.

પ્રતિ,આચાર્ય/સંચાલકશ્રી, વાયબ્રન્ટ વેવ્સ ઇન્ટરનેશનલ એકેડમી (GSHSEB), લોહાણા કન્યા છાત્રાલય પાછળ, બાજવા રીફાઇનરી રોડ, જી.વડોદરા-૩૯૧૩૧૦.

નકલ રવાના:- મુખ્ય સંયોજકશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.